**<u>મહેરબાન સુરતનાં ૧૯ માં એડી.સીની.સીવીલ જજ અને એડી.ચીફ.જયુડી.મેજી.સાહેબશ્રીની કોર્ટમાં</u>**

**ફો.કે.નં.**

**ફરીયાદી-શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી-**

**ગુનો.-ઈ.પી.કો કલમ-**

**<u>આંક-૦૧ લગત હુકમ</u>**

આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.સદરહુ કામે જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતના પત્ર નંબર એમએજી/ડોરમેન્ટ કેસ/વશી.૧૭૭૬/૨૦૨૩ તા.૨૫/૦૮/૨૦૨૩ મુજબ કેસ પરત ખેંચવાનો હુકમ કરવામાં આવેલ છે તથા આંક......... થી એ.પી.પી.શ્રીનાઓએ સદરહુ હુકમના આધારે સદર કેસ પરત ખેંચવા પરવાનગી માંગેલ છે જેથી જિલ્લા મેજીસ્ટ્રેટ,સુરતના ઉપરોકત હુકમ મુજબ તથા એ.પી.પી.શ્રીની પરવાનગી મુજબ સદરહુ કેસ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવે છે અને સદરહુ કેસ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા વધુમાં આરોપીને સદરહુ કેસમાંથી બિન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

જો આ કામે નોન વેલ્યુએબલ તેમ વેલ્યુએબલ મુદ્દામાલ કબજે કરેલ હોય તો નોન વેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ વેલ્યુએબલ મુદ્દામાલ માટે અગાઉ કોર્ટે વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા માલીકીની ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.તે મુદ્દામાલ રોકડ રકમ હોય તો સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૯ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ-સુરત.

તા.૦૯/૦૯/૨૦૨૩

(ઉમેશચંદ્ર શંકરભાઈ પરમાર)
૧૯માં એડી.સીની.સીવીલ જજ અને
એ.સી.જે.એમ.,સુરત
(જજ કોડ નં.જીજે૦૧૧૬૦)